[૨૦]

**પ્ર. ૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે (૧૦)**

**(૧) પાઠ પૂર્તિ કરો. (૫)**

૧. સૂપ વિહિં **વિગય વિહિં સાગ વિહિં** માહુરય વિહિં **જેમણ વિહિં પાણિય વિહિં** મુહવાસ વિહિં

૨. અબંભં **પરિયાણામિ બંભં ઉવસંપજ્જામિ** અકપ્પં **પરિયાણામિ કપ્પં ઉવસંપજ્જામિ અન્નાણં પરિયાણામિ નાણં**

**(૨) નીચેના શબ્દોના મૂળ પાઠ લખી કયા પાઠમાં આવે છે? તે લખો. (૫)**

| | **જવાબ** | **પાઠ** |
|---|---|---|
| ૧. રોકી દીધા છે | **પડિહય** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |
| ૨. નારદવૃત્તિ | **પૈશુન્ય** | **૧૮ પ્રકારના પાપસ્થાનક** |
| ૩. શ્રાવકને | **સમણોવાસએણં** | **પ્રતિક્રમણના પાંચમા પાઠમાં, સાતમા વ્રતમાં** |
| ૪. પાત્રા | **પડિગ્ગહ** | **બારમા વ્રતમાં** |
| ૫. કમળ સમાન | **પુંડરિયાણં** | **સામાયિકના સાતમા પાઠમાં** |

**(આ) બીજા કર્મગ્રંથના આધારે જવાબ લખો. (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. ઉદીરણા અને વિપાકોદય એટલે શું? (૨×૨)

**જ. ઉદીરણા એટલે અપક્વ સ્થિતિવાળા કર્મને તથાવિધ પરિણામ બળ વડે ઉદયમાં ખેંચી લાવવા.
વિપાકોદય એટલે અબાધાકાળ પૂર્ણ થતાં ઉદયમાં આવેલા કર્મોના રસને અનુભવવો.**

૨. ઉપશમ શ્રેણીમાં કેટલા સંઘયણ હોય? શા માટે?

**જ. ઉપશમ શ્રેણીમાં ત્રણ સંઘયણ હોય કારણ કે છેલ્લા ત્રણ સંઘયણવાળા તત્ યોગ્ય વિશુદ્ધિના અભાવે શ્રેણી કરી શકે નહિ. તેથી પહેલા ત્રણ સંઘયણવાળા શ્રેણી માંડે.**

૩. સાધુને હસવું આવે કે નહિ? શા માટે? (૧)

**જ. સાધુને હસવું આવે કારણ કે હાસ્ય મોહનીયનો ઉદય છે માટે.**

**(૨) નીચેની પ્રકૃતિનો ઉદય ક્યાં સુધી? ઉદય વિચ્છેદ ક્યારે? (૫)**

૧. ઔદારિક શરીર ૨. મનુષ્યાયુ ૩. પુરુષ વેદ ૪. ગંધ ૫. પ્રચલા

| **જ.** | **ઉદય** | **ઉદય વિચ્છેદ** |
|---|---|---|
| ૧. ઔદારિક શરીર | **૧ થી ૧૩ મા ગુણસ્થાન સુધી** | **૧૩ મા ગુણસ્થાનના છેડે** |
| ૨. મનુષ્યાયુ | **૧ થી ૧૪ મા ગુણસ્થાનના ચરમ સમય સુધી** | **૧૪ મા ગુણસ્થાનના છેડે** |
| ૩. પુરુષ વેદ | **૧ થી ૯ મા ગુણસ્થાન સુધી** | **૯ મા ગુણસ્થાનના છેડે** |
| ૪. ગંધ | **૧ થી ૧૩ મા ગુણસ્થાન સુધી** | **૧૩ મા ગુણસ્થાનના છેડે** |
| ૫. પ્રચલા | **૧ થી ૧૨ મા ગુણ. ના દ્વિચરમ સમય સુધી** | **૧૨ મા ગુણ.ના દ્વિસમયના છેડે** |

[૫]

**પ્ર. ૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. અંજૂ ચેયં પડિબુદ્ધજીવી, તમ્હા ન હંતા ન વિધાયએ, અણુસંવેયણમપ્પાણેણં, જં હંતવ્વં નાભિપત્થએ – ગાથાનો અર્થ સમજાવો. (૩)

**જ. સરળ અને જાગૃતિપૂર્વક સંયમજીવનનું પાલન કરનાર જ્ઞાની પુરુષ કોઇ જીવની હિંસા કરે નહિ, બીજા પાસે કરાવે નહિ, હિંસા કરનારની અનુમોદના પણ કરે નહિ. કરેલા કર્મના ફળ ભોગવવા જ પડે છે, માટે કોઇપણ જીવની હિંસા કરવાની ઈચ્છા કરવી જોઇએ નહિ.**

૨. સંસારચક્રને કોણ પાર કરી જાય છે? મારો ધર્મ શું છે? (૨)

**જ. જીવોની ગતિ–આગતિના કારણોને જાણીને મોક્ષમાર્ગમાં સ્થિત જન્મ–મરણના ચક્રાકારને અર્થાત્ સંસાર ચક્રને પાર કરી જાય છે. પ્રભુની આજ્ઞાનું પાલન કરવું એ જ મારો ધર્મ છે.**

**(૧૦)**

**પ્ર. ૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. વ્યવહાર એટલે શું?

**જ. સાધુ જીવનની આચારસંહિતા ૧) પ્રાયશ્ચિત્ત વ્યવહાર ૨) સંયમ સંબંધી કર્તવ્ય–અકર્તવ્યરૂપ વ્યવહાર ૩) પ્રવૃત્તિ–નિવૃત્તિના નિર્ણયરૂપ વ્યવહાર ૪) વિવાદાસ્પદ આગમ તત્ત્વોને નિર્ણયરૂપ વ્યવહાર.**

૨. મહાપદ્મ તીર્થંકરના શાસનમાં કયા પાંચ સ્થાન દુર્ગમ છે?

**જ. ૧) ધર્મતત્ત્વનું આખ્યાન કરવું ૨) ભેદાનુભેદ સાથે વસ્તુતત્ત્વનો ઉપદેશ આપવો ૩) તત્ત્વોનું યુક્તિપૂર્વક નિર્દેશન કરવું ૪) પરિષહ–ઉપસર્ગ સહન કરવા ૫) સંયમનું પાલન અને ધર્મનું આચરણ કરવું.**

૩. અચિત્ત વાયુના પ્રકાર લખ

**જ. ૧) આક્રાંત વાયુ–જોરજોરથી ભૂમિ પર પગ પછાડવાથી ઉત્પન્ન વાયુ. ૨) ધ્માત વાયુ–શંખાદિ ફૂંકવાથી ઉત્પન્ન થતો વાયુ ૩) પીડિત વાયુ–ભીના વસ્ત્રાદિ ઝાટકવાથી ઉત્પન્ન થતો વાયુ ૪) શરીરાનુગત વાયુ–ઉચ્છ્વાસ, અપાન અને ઓડકાર આદિ દ્વારા શરીરમાંથી નીકળતો વાયુ ૫) સંમૂર્ચ્છિમ વાયુ–પંખાના ચાલવાથી ઉત્પન્ન થાતો વાયુ.**

૪. પ્રભુની આજ્ઞાના આરાધક અને વિરાધક કોણ થાય છે?

**જ. જ્યાં જે વ્યવહાર હોય તેનાથી નિષ્પક્ષભાવે યથાક્રમે પ્રમુખતા આપીને સમ્યક્ પ્રકારે વ્યવહાર કરતા શ્રમણ નિર્ગ્રંથ પ્રભુની આજ્ઞાના આરાધક થાય છે. પક્ષપાત આદિને આધીન થઈ, યથોચિત ક્રમનું ઉલ્લંઘન કરી, નિર્ણય કરનાર પ્રભુની આજ્ઞાના વિરાધક થાય છે.**

૫. મળવાનું સ્થાન કયું છે? મનુષ્યગામી અને સિદ્ધગામી કોણ થાય? દષ્ટિ વિપર્યાસ દંડ એટલે શું?

**જ. મળવાનું સ્થાન સૌધર્મસભા છે. મનુષ્યગામી હૃદયથી નીકળેલો જીવ ને સિદ્ધગામી સર્વાંગથી નીકળેલો જીવ થાય. દષ્ટિ વિપર્યાસ દંડ એટલે મિત્રને શત્રુ સમજીને વધ કરવો.**

**(૧૦)**

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. પરમ આનંદનું કારણ શું છે? નંદીફળના અધ્યયનમાં શું બોધ આપ્યો છે?

**જ. નંદી ફળનું સેવન ન કરે તે ઈષ્ટપુરને પ્રાપ્ત કરે છે, તે પ્રમાણે વિષયોના પરિત્યાગથી નિર્વાણ નગરીની પ્રાપ્તિ થાય છે અને તે પરમાનંદનું કારણ બને છે. નંદી ફળના અધ્યયનમાં સાધકોને ધન્ય સાર્થવાહના દષ્ટાંત દ્વારા ઈન્દ્રિયોના વિષયોથી દૂર રહેવાનો બોધ આપ્યો છે.**

૨. સિદ્ધિને કોણ પ્રાપ્ત કરે છે?

**જ. જ. હે આયુષ્યમાન શ્રમણો ! અમારા જે નિગ્રંથો કે નિગ્રંથીઓ પાંચે ઈન્દ્રિયોના વિષયોમાં આસક્ત થતા નથી, અનુરક્ત થતા નથી, તે આ ભવમાં ઘણા શ્રમણ–શ્રમણીઓ–શ્રાવક–શ્રાવિકાઓના પૂજનીય બને છે અને પરલોકમાં પણ દુઃખ પામતા નથી. જેમ નંદીફળ ન ખાનારા પુરુષો અટવી પાર કરી જાય છે, એ જ રીતે તેઓ અનુક્રમથી સંસાર અટવીને પાર કરી જાય છે.**

૩. ધન્ય સાર્થવાહની નગરીનુ નામ, ત્યાંના રાજા કોણ હતા? તેઓ કેવા હતા? મધ્યરાત્રિએ તેમને શું વિચાર આવ્યો? તે નગરના રાજા કોણ હતા?

**જ. નગરી–ચંપા નગરી, રાજા–જિતશત્રુ રાજા, તેઓ અંગોપાંગથી પરિપૂર્ણ, ગુણસંપન્ન તથા અનેક લોકો માટે આદર્શભૂત હતા. ક્રય–વિક્રયની વસ્તુઓ લઈને અહિચ્છત્રા નગરીમાં વેપાર કરવા જવું જોઈએ. ત્યાંના રાજા કનકકેતુ હતા.**

૪. ધન્ય સાર્થવાહે ચંપા નગરીમાં શું ઘોષણા કરાવી?

**જ. હે દેવાનુપ્રિયો! ધન્ય સાર્થવાહ વેપાર કરવા જવા ઈચ્છે છે, તો તેમના સાથે ચરક, વૃદ્ધશ્રાવકો, ગૃહસ્થો,**

**ભિક્ષુકો, નિર્ગ્રંથ સાધુઓ, બ્રાહ્મણો, પરિવ્રાજિકો આદિ કોઈને પણ જવું હોય, તો તેઓના ખાવા-પીવા, પહેરવાથી લઈ દરેક જરૂરિયાત સંતોષવામાં આવશે. બિમાર પડશે તો તેનો ઔષધોપચાર પણ કરવામાં આવશે. તેમને અહિચ્છત્રા નગરી સુધી પહોંચાડશે. માટે જેને પણ આવવાના ભાવ હોય તે સાથે આવી શકે છે.**

**અથવા**

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. મોટા પુત્રએ ધન્ય સાર્થવાહને શું કહ્યું? (૩×૨)

**જ. હે પિતાજી ! તમે અમારા માત-તાત-જનક-ગુરુ છો. દેવતા સ્વરૂપ છો. અમારા ઉપર આપના ઘણા ઉપકાર છે. અમે આપને જીવનથી રહિત કરી આપના માંસ અને રુધિરનો આહાર કેમ કરી શકીએ? એના કરતા આપ મને જીવનથી રહિત કરી નાંખો અને મારા માંસ અને રુધિરનો આહાર કરો.**

૨. વિજય ચોર કેવો હતો?

**જ. વિજય ચોર અત્યંત અધર્મી, ક્રૂર, દઢપ્રહારી, કુખ્યાત હતો. પાંચસો ચોરોનો અધિપતિ હતો. તે ઘણા ચોરો, દેશદ્રોહીઓ, વિશ્વાસઘાતીઓ, અપરાધીઓ આદિ માટે શરણભૂત હતો. આશ્રયદાતા હતો. ઘણા ગામો, નગરીને લોકો આદિને હંમેશા માર મારીને લૂંટતો હતો.**

૩. ધન્ય સાર્થવાહ કઈ નગરીમાં રહેતા હતા? તેમની પત્ની-દાસપુત્રનું નામ શું હતું? તેમને કેટલા પુત્ર અને પુત્રીઓ હતી?તે દાસપુત્ર કેવો હતો? (૨×૨)

**જ. નગરી-રાજગૃહી. પત્ની-ભદ્રા, દાસપુત્ર-ચિલાત, ૫ પુત્રો અને એક પુત્રી હતા. તે દાસપુત્ર માંસલ અને પુષ્ટ શરીરવાળો તથા છોકરાઓને રમાડવામાં કુશળ હતો.**

૪. ધન્ય સાર્થવાહે કોટવાળને શું કહ્યું?

**જ. અમે તમારી સાથે સુંસુમા દીકરીને પાછી લેવા માટે જવા ઈચ્છીએ છીએ. જે ધન-કનક આદિ પાછું મળે, તે તમે રાખજો અને સુંસુમા દીકરી મને પાછી સોંપજો.**

(૧૦)

**પ્ર. ૫ અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. હું કાળ કરીને ક્યાં જઈશ? કૃષ્ણના આવું પૂછવા પર ભગવાને શું જવાબ આપ્યો? (૪)

**જ. સુરા, અગ્નિ અને દ્વિપાયન ઋષિના ક્રોધના કારણે દ્વારિકા નગરીના બળી જવા પર તથા માતા-પિતા, સ્વજનોના વિયોગ થવા પર તું રામ-બળદેવની સાથે દક્ષિણી સમુદ્ર તટે પાંચે પાંડવો પાસે પાંડુ-મથુરા તરફ જઈશ. રસ્તામાં વિશ્રામ હેતુ કૌશામ્બ્રવન ઉદ્યાનમાં વિશાળ વટવૃક્ષ નીચે પૃથ્વી શિલાપટ્ટ પર તું પીતાંબર ઓઢીને સૂતો હોઈશ, તે સમયે મૃગના ભ્રમમાં જરાકુમાર દ્વારા છોડાયેલા તીક્ષ્ણ તીરથી ડાબો પગ વીંધાઈ જશે. આમ કાળના સમયે કાળ કરી વાલુકાપ્રભા નામની ત્રીજી પૃથ્વીમાં ઉજ્જવળ વેદના ભોગવવા તું ઉત્પન્ન થઈશ.**

૨. કૃષ્ણ વાસુદેવ પદ્માવતી રાણીને દીક્ષા માટે કેવી રીતે લઈ ગયા? (૨×૩)

**જ. કૃષ્ણ વાસુદેવે પદ્માવતી રાણીને પાટ પર બેસાડ્યા. સુવર્ણ કળશાદિ ૮૬૪ કળશોથી મહાભિનિષ્ક્રમણ અભિષેક કર્યો. બધા અલંકારોથી વિભૂષિત કરી ૧૦૦૦ પુરુષો ઉપાડી શકે એવી શિબિકામાં બેસાડી દીક્ષા માટે લઈ ગયા.**

૩. કૃષ્ણ વાસુદેવ કઈ નગરીના રાજા હતા? તે કેટલી લાંબી-પહોળી હતી? તે સમયે ક્યા તીર્થંકર હતા?

**જ. કૃષ્ણ વાસુદેવ દ્વારિકા નગરીના રાજા હતા. તે બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી હતી. તે સમયે અરિષ્ટનેમિ તીર્થંકર હતા.**

૪. પદ્માવતી આર્યા કેવા આર્યા બની ગયા?

**જ. ગુરુણીની આપેલી શિક્ષા પ્રમાણે પદ્માવતી આર્યા ઈર્યાસમિતિ, ભાષાસમિતિ આદિ સમિતિઓ તથા મન ગુપ્તિ આદિ ગુપ્તિથી સંપન્ન ઈન્દ્રિયો ગોપન કરનારા ગુપ્તેન્દ્રિય કાચબાની જેમ ઈન્દ્રિયોને વશમાં રાખનાર**

**બ્રહ્મચારિણી આર્યા બની ગયા.**

**અથવા**

**પ્ર. ૫ નિરિયાવલિકા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સોમિલ કઈ નગરીમાં રહેતા હતા? તે કેવો હતો?

**જ. સોમિલ વારાણસી નગરીમાં રહેતા હતા. તે ધન–ધાન્યથી આદિથી સમૃદ્ધ હતો, તેમ જ ૪ વેદ, ઈતિહાસ, નિઘટું આદિ ષષ્ટાંગવિદ્ હતો. તે ઉપરાંત અનેક શાસ્ત્રોમાં નિપુણ હતો.**

૨. સોમિલે કેવી રીતે મહાપ્રસ્થાન કરવાનું વિચાર્યું?

**જ. કાલે સૂર્યોદય થતા જ ગૃહસ્થ જીવનના સાથીઓ ને તાપસ જીવનના સાથીઓને પૂછી, અનેક પ્રાણીઓ ને વચન દ્વારા સન્માન આપીને, વલ્કલ વસ્ત્ર પહેરીને, કાષ્ઠમુદ્રાથી મોઢાને બાંધીને, ઉત્તરાભિમુખ થઈ, પોતાના ભંડોપકરણ કાવડમાં નાખી મહાપ્રસ્થાન કરવાનું વિચાર્યું.**

૩. સોમિલ શા માટે વિરાધક થયો? તેઓ શા માટે શુક્ર ગ્રહમાં ઉત્પન્ન થયા?

**જ. વ્રતભંગ અને તાપસી દીક્ષા સ્વીકાર કરવાથી, આલોચના–પ્રતિક્રમણ ન કરવાથી સોમિલ શ્રાવક વિરાધક થયો. પૂર્વકૃત પાપસ્થાન (દુષ્પ્રવ્રજ્યારૂપ કરેલા પ્રમાદ) ની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિન સમ્યક્ત્વ ની વિરાધનાના કારણે, વ્રતભંગ અને તાપસી દીક્ષા સ્વીકાર કરવાના કારણે શુક્ર મહાગ્રહમાં ઉત્પન્ન થયો.**

૪. સોમિલે શું બનાવડાવ્યું?

**જ. સોમિલે વારાણસી નગરીની બહાર આંબાના વૃક્ષોનો બગીચો, બિજોરા, આમલી, ફૂલો વગેરેની વાડી બનાવડાવી. ત્યારપછી તે આમ્રવન, પુષ્પવાડી વગેરે બનાવડાવ્યા.**

(૧૫)

**પ્ર.૬ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. અહીણ **પંચિંદિયત્તં પિ સે લહે, ઉત્તમધમ્મસુઈ હુ દુલ્લહા ।**
**કુતિત્થિ ણિસેવઈ જણે, સમયં ગોયમ !** મા પમાયએ ॥

**અર્થ : જીવ સંપૂર્ણ પંચેન્દ્રિયત્વ પ્રાપ્ત કરે, છતાં તેને સાચા અને શ્રેષ્ઠધર્મનું શ્રવણ મળવું અતિદુર્લભ છે; કારણ કે ઘણા લોકો બીજા મતમતાંતરને સેવનારા હોય છે. તેઓને ઉત્તમધર્મ સાંભળવાનો સુયોગ પ્રાપ્ત થતો નથી, તેથી હે ગૌતમ ! સમય માત્રનો પણ પ્રમાદ ન કર.**

૨. અરઈ ગંડં **વિસૂઈયા, આયંકા વિવિહા ફુસંતિ તે ।**
**વિહડઈ વિદ્ધંસઈ તે સરીરયં, સમયં ગોયમ !** મા પમાયએ ॥

**અર્થ : અળાઈઓ, ગૂમડાં, વિસૂચિતા તથા વિવિધ પ્રકારના અન્ય શીઘ્રાઘાતક રોગ આતંક તમારા શરીર માં પેદા થઈ રહ્યા છે, જે તારા શરીરને બળહીન કરી રહ્યા છે, નાશ કરી રહ્યા છે, તેથી હે ગૌતમ ! સમય માત્રનો પણ પ્રમાદ ન કર.**

૩. તિણ્ણો **હુ સિ અણ્ણવં મહં, કિં પુણ ચિટ્ઠસિ તીરમાગઓ ।**
**અભિતુર પારં ગમિત્તએ, સમયં ગોયમ !** મા પમાયએ ॥

**અર્થ : હે ગૌતમ ! તું મહાસાગરને તો પાર કરી ગયો છે. હવે કાંઠાની નજીક આવીને કેમ ઊભો છે? કેમ રોકાઈ ગયો છે? તેને જલદીથી પાર કર. આમ કરવામાં હે ગૌતમ ! સમય માત્રનો પણ પ્રમાદ ન કર.**

૪. વણસ્સઈકાય **મઈગઓ, ઉક્કોસં જીવો ઉ સંવસે ।**
**કાલમણંત દુરંતયં, સમયં ગોયમ !** મા પમાયએ ॥

**અર્થ : વનસ્પતિકાયમાં ઉત્પન્ન થયેલો જીવ તેમાં ને તેમાં જન્મ–મરણ કરતા ઉત્કૃષ્ટ અનંતકાળ પસાર કરે છે, તેથી હે ગૌતમ ! સમય માત્રનો પણ પ્રમાદ ન કર.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૩)**

૧. પ્રત્યેક વનસ્પતિમાં અને બેઈન્દ્રિયમાં જીવ કેટલો કાળ પસાર કરે છે?

**જ. પ્રત્યેક વનસ્પતિમાં અસંખ્યકાળ અને બેઈન્દ્રિયમાં સંખ્યાતકાળ પસાર કરે છે.**

૨. શા માટે કર્મરજને આત્માથી દૂર કરવાની છે?

**જ. આ અલ્પકાલીન આયુષ્યમાં પણ જીવન અનેક વિઘ્નોથી યુક્ત છે, માટે પૂર્વબદ્ધ કર્મરજને આત્માથી દૂર કરવાની છે.**

૩. મોક્ષ કેવો છે?

**જ. મોક્ષ ઉપદ્રવ રહિત, કલ્યાણકારી અને અનુત્તર છે.**

(૧૦)

**પ્ર. ૭ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. **વ્યાખ્યા લખો.** કૃત સંચય, સાવચય, વૃદ્ધિ, વર્દ્ધમાણ. (૪×૨)

જ. કૃત સંચય – **નારકી આદિ ૨૪ દંડકમાં જ્યાં એક સમયમાં એક સાથે બે જીવોથી સંખ્યાતા જીવો ઉત્પન્ન થાય છે.**

સાવચય – **હાનિ સહિત. પહેલા જેટલા જીવો હોય તેમાંથી કેટલાક જીવો મરી જાય તેને સાવચય કહે છે.**

વૃદ્ધિ – **જન્મ–મરણ બંને હોય કે એક હોય પણ જીવોની વૃદ્ધિ થાય.**

વર્દ્ધમાણ – **જો જીવોની સંખ્યા વધે તો વર્ધમાન.**

૨. નારકીમાં કૃત સંચય આદિ કેટલા અને કયા ભાંગા? તેનો અલ્પ બહુત્વ લખો. વૈક્રિયના દંડકનો અવસ્થિત કાળ લખો.

**જ. નારકીમાં કૃત સંચય આદિ ત્રણ અને કૃત સંચય, અકૃત સંચય, અવક્તવ્ય સંચય. તેનો અલ્પ બહુત્વ સૌથી થોડા અવક્તવ્ય સંચય, તેથી કૃત સંચય સંખ્યાતગુણા, તેથી અકૃત સંચય અસંખ્યાતગુણા. વૈક્રિયના દંડકમાં ૧ નારકી, ૧૩ દેવતા, ૧ તિર્યંચ પંચેન્દ્રિય, ૧ મનુષ્યમાં અવસ્થિતકાળ ૨૪ મુહૂર્ત. વાયુકાયમાં અવસ્થિતકાળ પરકાય આશ્રી જઘન્ય ૧ સમય ઉત્કૃષ્ટ આવલિકાનો અસંખ્યાતમો ભાગ. સ્વકાય આશ્રી અવસ્થિતકાળ નથી.**

૩. વિજયમાં સાવચય આદિ કેટલા અને કયા ભાંગા? તેની સ્થિતિ કેટલી? (૨)

**જ. વિજયમાં ચારે ભાંગા ૧) સોવચય ૨) સાવચય ૩) સોવચય–સાવચય ૪) નિરૂવચય–નિરવચયા. તેની સ્થિતિ નિરૂવચય–નિરવચયા સિવાયાના ત્રણ ભાંગાની સ્થિતિ જ. ૧ સમય ઉ. આવલિકાના અસં.મા ભાગની. નિરૂવચય–નિરવચયાની સ્થિતિ પલ્યના સંખ્યાતમા ભાગની.**

(૧૦)

**પ્ર. ૮ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. દ્રવ્યાર્થક ને પ્રદેશાર્થક દ્વાર લખો. (૩×૨)

**જ. દ્રવ્યાર્થક દ્વાર–સર્વથી થોડા આહારકના દ્રવ્યાર્થ, તેથી વૈક્રિયના દ્રવ્યાર્થ અસંખ્યાતગુણા, તેથી ઔદારિકના દ્રવ્યાર્થ અસંખ્યાતગુણા, તેથી આહારકના પ્રદેશ અનંતગુણા, તેથી વૈક્રિયના પ્રદેશ અસંખ્યાતગુણા, તેથી ઔદારિકના પ્રદેશ અસંખ્યાતગુણા, તેથી તૈજસ–કાર્મણના દ્રવ્યાર્થ બે પરસ્પર સરખા ને ઉપરથી અનંતગુણ અધિક, તેથી તૈજસના પ્રદેશ અનંતગુણ અધિક, તેથી કાર્મણના પ્રદેશ અનંતગુણ અધિક.**

૨. જે શરીર નિયમા સાધુને હોય તેનો સ્થિતિ, વિષય શક્તિ, પ્રયોજન, પુદ્ગલચયન અને સંસ્થાન દ્વાર લખો.

**જ. આહારકની સ્થિતિ જઘ. અંતર્મુહૂર્ત ઉત્. અંતર્મુહુર્ત, વિષય શક્તિ અઢીદ્વીપ સમુદ્ર સુધી જવાનો, પ્રયોજન સંશય ટાળવાનું, પુદ્ગલ ચયન છ દિશાનો આહાર કરે, સંસ્થાન એક સમચતુરંસ્ત્ર.**

૩. વૈક્રિય, કાર્મણ શરીરની વ્યાખ્યા લખો. (૨×૨)

**જ. વૈક્રિય શરીર–તે સડે નહિ, પડે નહિ, વિણસે નહિ, બગડે નહિ, મૃત્યુ પછી કલેવર વિસરાલ થાય. રૂપ પરાવર્તન કરવાની શક્તિ. જે શરીર દ્વારા વિવિધ ક્રિયાઓ થાય છે. કાર્મણ શરીર–જેમાં ૮ કર્મોના સ્કંધ સંગ્રહિત રહે છે.**

૪. ઔદારિક શરીરનો સંયોજન, સ્વામી, અવગાહના, અંતર દ્વાર લખો.

**જ. સંયોજન–આહારક–વૈક્રિય શરીરની ભજના. તૈજસ, કાર્મણની નિયમા હોય. સ્વામી–૧૦ દંડક હોય. પાંચ સ્થાવર, ૩ વિકલેન્દ્રિય, ૧ તિર્યંચ પંચેન્દ્રિય, ૧ મનુષ્ય. અવગાહના–જ. આંગુલનો અસંખ્યાતમો ભાગ ઉ. ૧૦૦૦ યોજન ઝાઝેરી. અંતર–જ. ૧ સમય ઉ. ૩૩ સાગર ઝાઝેરું. લોકમાં સદા હોય.**

**(૧૦)**

**પ્ર. ૯ માર્ગણા સમજણ સહિત લખો. (કોઠો બનાવીને લખો.)**

**જ.**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | સમજૂતી | કુલ ભેદ |
|---|---|---|---|---|---|---|
| ૧. એકાંત સમ્યગ્દૃષ્ટિમાં | 0 | 0 | 0 | ૧૦ | ૫ અનુત્તર વિમાનના અપર્યા. અને પર્યા. | ૧૦ |
| ૨. ઊર્ધ્વલોક દેવીમાં | 0 | 0 | 0 | ૬ | પ્રથમ દેવલોક, બીજા દેવલોક, પહેલા કિલ્વિષી એ ૩ ના અપર્યા. અને પર્યા. | ૬ |
| ૩. અધોલોક મિશ્રદૃષ્ટિમાં | ૭ | ૫ | ૧ | ૧૦ | ૭ નરક, ૫ સંજ્ઞી તિ. પંચે., ૧ સંજ્ઞી મનુ., ૧૦ ભવનપતિ એ ૨૩ ના પર્યા. | ૨૩ |
| ૪. અધોલોક વચનયોગી ઔદારિક શરીરમાં | 0 | ૧૩ | ૧ | 0 | બેઈ., તેઈ., ચૌરે., ૫ અસંજ્ઞી તિ. પંચે., ૫ સંજ્ઞી તિ. પંચે., સંજ્ઞી મનુષ્યના એ ૧૪ ના પર્યાપ્તા | ૧૪ |
| ૫. ત્રણ લેશી એકાંત મિથ્યાદૃષ્ટિ તિર્યંચમાં | 0 | ૨૭ | 0 | 0 | ૧૯ એકેન્દ્રિય–બા. પૃ., બા. પા., બા. પ્ર. વન. એ ૩ ના અપર્યા. વર્જીને, ૩ વિકલે., ૫ અસંજ્ઞી તિ. પંચે. એ ૮ ના પર્યા. | ૨૭ |

**જય જિનેન્દ્ર**